દુઃખનો અર્થ અને ઉપયોગ.

"The Meaning and the Use of Pain" નામના
મીસીસ એની બેઝન્તનાં લખાણ ઉપરથી.

ભાષાંતર કરનાર
નશરવાનજી મનચેરજી દેસાઇ.

મુંબઈ:
ચૅરાગ પ્રીન્ટીગ પ્રેસ, મનોરદાસ સ્ટ્રીટ, કોટ,
૧૯૦૫.

જાહેર ખબરો.

ખાસ જરથોશતીઓ માટે—સાદી ગુજરાતીમાં.

મીસીસ બેઝંટ કૃત

વિચાર શકિત, તેનો કાબુ અને કેળવણી.

તરજુમો કરનાર—ન. મ. દેશાઇ.

કિમ્મત—આના ૧૨.

ચૅરાગ બુક ડીપો, મનોરદાસ સ્ટ્રીટ, કોટ,
મુંબઇ.

ચૅરાગ

જરથોશતીઓ માટે ધર્મ, નીતિ અને સંસારી બાબદોને લગતું માસીક ચોપાન્યું.

[સને ૧૯૦૦ થી પ્રગટ થાય છે.]

એ માટે સુરતથી એક સ્કુલના જરથોશતી શિક્ષક નીચે પ્રમાણે લખે છે:—

"મારા વ્હાલા **ચૅરાગ**ની રોશની મને કાંઇ કાંઇ ન જોયલી, ન અનુભવેલી ખુશાલી આપે છે; તેનું કારણ એ કે ધર્મ અજ્ઞાન અને મીનોઇ અંધકારમાં આથડતાં અને અકળાતાં જરથોશતી સત્ય શોધકોના રસ્તામાં [તે] અજવાળું પાંથરે છે. દીનચુસ્ત સાહેબ, મારા ગરીબના ઘરના એ **ચૅરાગ** છે; મારાં વ્હાલાંઓનો એ રાહબર છે. એ માસિક શિક્ષક દર મહીને પોતાના દર્શન દઇને જે જે મીનોઇ વાતો કહે છે તે જો મારી કરણીમાં દીઠામાં આવે તો ખરી નેકબખ્તી કહેવાય. અથાક પાપી છતાં મને આટલીબી રોશની જોવાની તક **ચૅરાગે** આપી તે મારૂ ભાગ્યોદય સમજું છું."

લવાજમ—વર્ષના આંગ ઉપર રૂ. ૨.

ગ્રાહકોએ પોતાનું નામ અને ઠેકાણું નીચલે સરનામે મોકલવું:—

ચૅરાગના મેનેજર જોગ—

ચૅરાગ પ્રીન્ટીંગ પ્રેસ, મનોરદાસ સ્ટ્રીટ, કોટ,

મુંબઇ.

દુઃખનો અર્થ અને ઉપયોગ.

આ બાબદ દરેક જણને ઘણી ઉપયોગી થઇ પડશે, કારણ કે દરેક માણસનાં સંબંધમાં "દુઃખનો અર્થ અને ઉપયોગ" આવે છે. પહેલા આપણે એના અર્થ માટે બોલીશું. માણસની પ્રકૃતિ, અને તેનો ભિત્તરનો આત્મા (જે ખરેખરો માણસ તરીકે લેખાવો જોઇયે) તે જુદાં જુદાં અનદીઠ શરીરોમાં * કામ કરે છે, અને જુદી જુદી રીતે તેનુ ભાન જાહેર કરે છે. આપણાં શરીરમાં જે હમેશાં કામ કરે છે તે આપણો આત્મા યાને અહુરમજ્દનું કીરણ છે, અને જો આપણે માણસ અને તેનું બંધારણ જાણવાની ખાહેશ રાખતાં હોઇયે તો આપણે સારી પેઠે સમજવું જોઇયે કે દરેક પ્રગટ કામ અને ચંચળતાનું મૂળ મિનોઇ આત્મા પોતે છે, અને જે જુદા જુદા લક્ષણવાળું કામકાજ નજરે પડે છે તેનું કારણ મિનોઇ આત્મા જુદો જુદો છે એમ નથી પણ તે મિનોઇ આત્મા જુદી જુદી ખાસીઅતવાળી પ્રકૃત્તિ અથવા સાંધનની મારફતે કામ કરતો હોવાથી એમ નજરે પડે છે.

ઠેઠ શરૂઆતથીજ મિનોઇ આત્મા પોતાનાં ભુવન ઉપર તો તદન વાકેફગાર યાને જ્ઞાની છે. મિનોઇ આત્મા જ્યારે સૃષ્ટિનાં ભાન (અહુર-મજ્દ)નુંજ બચ્ચું છે, તો પછી તેમાં પણ સઘળું જ્ઞાન કાં નહીં હોય? પણ જેમ જેમ આત્મા આ પ્રગટ થયલી સૃષ્ટિમાં નીચે ઉતરતો જાય છે, અથવા જેમ જેમ તે એક પછી એક કોષો યા શરીરો પહેરતો જાય છે, તેમ તેમ તે **આંખ** આ એક પછી એક આવતા ખાકી બુરખાઓમાં

* તન્વસ યાને સ્થૂળ અથવા ખાકી શરીર, કહેર્પમ યાને લીંગ અથવા શૂક્ષ્મ શરીર, ઉસ્તાન યાને પ્રાણ, તેવીષી યાને હેવાની નક્શ (કામરૂપ), ઉર્વાન યાને મનસ (માનસીક શરીર), બઓધાંગ યાને બુદ્ધિ, ફરોહર યાને આત્મા.

લપેટાવાથી ગોયા આંધળી થતી જાય છે, અને તેથી કરીને જ્યારે તે આત્મા ઉતરતો ઉતરતો છેક નીચેના તબક્કા—જે આપણી હાલની ખાકી દુનિયાં છે—તે ઉપર આવી પોંહોંચે છે, ત્યારે તે ખાકથી ઢંકાઇ ગયલો હોવાથી, આ શારીરીક દુનિયાંમાં પોતાનો ઉંચો મરતબો ભુલી જાય છે, અને પોતાની જાતી શ્રેષ્ટ ખાસીયતથી બેખબર થઈ જાય છે. આ આત્મા, હવે જેમ આપણે ઉપર જોયું તેમ, ગોયા આંધળો થઇ ગયલો હોવાથી તેની અસલ હાલતનું જ્ઞાન લેવાને માટે, અથવા અનુભવ મેળવવાને માટે, આ ખાકી દુનિયામાં આવે છે. તે આત્માએ પોતાની ઉપર એક મનનું શરીર (માનસિક કોષ) ઓઢેલું છે કે જે મારફતે તે વિચાર કરે છે; અને જે શરીરની મારફતે તેને લાગણી થાય છે તેને લાગણીનું યાને ઇચ્છાને લગતું શરીર કહે છે. (આ બન્ને શરીરો શુક્ષમ હોવાથી આપણી ખાકી આંખે જોઇ શકાતાં નથી.) લાગણી અને ઇચ્છા એક બીજાં સાથે ઘાડા સંબંધથી જોડાયલાં હોય છે, અને સુખ અને દુઃખની લાગણીઓ બહારની ચીજો સાથે આ વાસનાં શરીરનાં સંબધમાં આવ્યાથી થાય છે, અને તેથીજ તે વાસનાં શરીર બહારની ચીજો તરફ ખેંચાય છે, અથવા તો અભાવ બતાવે છે.

ત્યારે આ આત્મા જે વાસનાં શરીરમાં ડુબેલો છે, અને તેટલા માટે તે પોતાનો અસલ ગુણ, અને તેની ખરી હાલત કે જેમાંથીજ તેની પીછાણ થઇ શકે છે, તેથી તદન આંધળો અને બેખબર છે, તેને માટે એક પલભર વિચાર કરો. સઘળી જાતની બહારની ચીજોથી આ વાસના શરીર ખેંચાશે યા પાછું હઠશે; જે ચીજોથી તેને ખુશીની લાગણી થશે તે તરફ તે ખેંચાશે, અને જે ચીજોથી તેને દુઃખની લાગણી થશે તેથી તે ખચીત દૂર નાસશે. આ ખાકી દુનિયાં જેનું તેને બીલકુલ જ્ઞાન નથી—(અને અહીં સર્વેથી પહેલા તબક્કાના તદન બીન અનુભવી આત્મા વિષે કહેવામાં આવે છે)--તેમાં દાખલ થતાંજ કુદરતી રીતે જેબી વસ્તુ કે જેનાં સંબંધમાં આવ્યાથી તેને ખુશી પેદા થાય છે અને જેનાં સંબંધમાં આવ્યાથી તેને ખુશાલી અથવા સુખ અથવા સંતોષ થયો હોય એમ માલમ પડે છે, તે ચીજ તરફ તે જોરથી ખેંચાશે. પણ આ પ્રમાણે દરેક પસંદ પડતી ચીજ તરફ વારેવાર ખેંચાવાથી તેને હવે માલમ પડતું જાય છે કે ઇચ્છાને પંપાળવા પછી જરૂર દુઃખ થાય છે. પસંદ પડતી ચીજ તરફ ખેંચાવાથી, અને તે ચીજ વાસ્તવીક છે કે નહી તે તપાસવાનો અનુભવ ન હોવાથી, દરેક ખેંચાણ કરતી ચીજ, કે જેનાં સંબંધમાં આવ્યાથી તેને

ખુશાલી લાગશે એટલુંજ તે જાણે છે, તે ઉપર તે તુટી પડે છે, પણ આ સંબંધ જે સુખ પ્રાપ્ત કરનારો દીસતો હતો તેમાંથી તો તુરત દુઃખ પેદા થાય છે, અને તે દુઃખના અનુભવથી તેને માલમ પડે છે કે જે કાંઇ નહીં ઇચ્છવા લાયક અને દૂર કરવા જોગ હતુ તે ઉપર તે અમસ્થો તણાઇ મરે છે. આ અનુભવ તેને ફરી ફરીથી થયા કરે છે; અને આ પ્રમાણેના ચાલુ દુઃખનાં અનુભવથી બહારની દુનિયાંનો તે એક ધડો શીખે છે.

અત્રે આપણે તૃષ્ણા અથવા ભૂખનાં સાધારણ બે દાખલા લઇશું, કે જેઓ તરફ આ પ્રમાણે શોખથી ખેંચાવાથી અને તેમને પંપાળવાથી તેઓજ દુઃખનું મૂળ થઇ પડે છે. આપણે ખેંચાણ કરતા એકાદ ખોરાકનો દાખલો લઇએ, કે જે ચાખવાની ઇંદ્રી ઉપર અસર કરે છે. ચાખવાની ઇંદ્રી ઇચ્છા શરીરનો એક ભાગ છે. ખોરાક ચાખવાની ઇંદ્રીને પોતાની તરફ ખેંચશે, અને બેખબર આત્મા—બેખબર એટલા માટે કે આત્મા હજી આ સ્થૂળ ભુવન ઉપર નીપજતાં પરિણામથી વાકેફ થયો નથી—તે લાલચુ આત્મા ચાખવાની ઇંદ્રીને વશ થઇ જાય છે. પૂર્વ દેશનાં અલંકારમાં કહીયે તો, ઇંદ્રીઓ તે ગોયા શરીરની ગાડીને જોડેલા ઘોડા છે, અને તેઓ આત્માને ઇચ્છા વાસનાની ચીજો તરફ ઘસડી લઇ જાય છે. પછી તે સ્વાદ યાને ચાખવાની ઇંદ્રીને ખૂબ જીવ ધરાય ત્યાં સુધી પંપાળશે, તે ક્યાં સુધી કે પોતે ખૂબ ખાધરો અથવા એંધી બને ત્યાં સુધી. ચાખવાની ઇંદ્રીને આ પ્રમાણે બીન અનુભવથી બેતબાહ પંપાળવાથી, બેઅંદાજે ખોરાક ખાધાથી નીપજતું પરિણામ દુઃખનુ નીપજશે. તેજ પ્રમાણે તે જો દારૂ વગેરે કેફી વસ્તુનાં બેઅંદાજે પીણાથી પોતાની ચાખવાની ઇંદ્રીને પંપાળશે તો તેનું પણ તેવુજ પરિણામ દુઃખમાં આવશે. અને આ પ્રમાણે જ્યારે ફરીફરીથી અનુભવ મલ્યા કરે છે, ત્યારે આત્મા જે એક જીવ તરીકે વિચાર કરી શકે છે, તે બે ચીજને ગોયા સાથે જોડે છે—એક તરફ ઇંદ્રીને પંપાળવાથી થતાં સુખને, અને ત્યાર પછી તેથી નીપજતાં દુઃખને. અને આ પ્રમાણે હલવે હલવે તેની સમજમાં ઉતરે છે કે સૃષ્ટિનાં બાકી શરીરને લગતા પણ કાયદા છે, અને તે કાયદાનાં સંબંધમાં આવ્યાથી તેમનો જો ભંગ થાય તો પરિણામે દુઃખ નીપજે છે. એકાદ નહીં દેખાતી દીવાલ તરફ કોઈ કુદકો મારે, અને તે દીવાલનાં ઠોકરાવાથી તે છુંદાઇ જાય, તેવીજ આબી એક બીનાં છે. એકાદ વચમાં અણદીઠ આડ અથવા અટકાવ હોય અને તેની પછવાડે દેખાઇતી કાંઈ ચીજ હોય તે ચીજ તરફ કોઈ સખસ ફરી ફરીથી ખેંચાઇ જતાં પેલા નહીં દેખાતાં નડતળ સાથે ઘડી ઘડી ઠોકાવાથી

તેને આખરે એટલું જ્ઞાન થાય છે કે તે અમુક ચીજ તરફ ધસડાવાથી જરૂર ઠોકાઈ જશે. આ પ્રમાણે તેનાં મનમાં એક પછી એક પુર્વાપર સંબંધ, કારણ અને પરિણામ, અને ઇચ્છા અને તૃપ્તી અને તેની પૂઠે જતી વેદનાં વગેરેનાં સંબંધ માટેનો વિચાર આવવા માંડશે. આ પ્રમાણે આ બાળક આત્મા (યાને બીન અનુભવી અથવા કાચો આત્મા) કે જે અત્રે પોતાનો અનુભવ લેતો જાય છે, તેની ખાત્રી થતી જાય છે કે તેનાં પોતાનાં કરતાં દુનિયાંમાં કાંઈક વધારે મજબુત તત્વ છે, તે એક **કાયદો*** છે કે જેનો કદી ભંગ થઈ શકે નહીં, અને જેનો ભંગ કરવાને કોઇ કોશેશ કરે તોપણ તેને કદી ભાંગી શકે નહી; અને કોઇ પણ આત્મા જ્યારે તે કાયદાની વિરૂદ્ધ જાય છે ત્યારે જે દુઃખ ઉત્પન્ન થાય છે તેજ તે કાયદાની હસ્તી પુરવાર કરે છે. અને આ પ્રમાણે એક પછી એક એવીજ ઇચ્છા ઉત્પન્ન કરનારી વસ્તુઓનાં સંબંધમાં આવ્યાથી તેમને લગતું શીક્ષણ મલતું જશે, તે કયાં સુધી કે "આસ્તે આસ્તે એકઠો થયલો એવો સઘળો અનુભવ આત્માને મળશે, જેથી તે ઇચ્છાઓને સુધારવાને, અને બેલગાંમ ઘોડાઓની માફક જ્યાં ગમે ત્યાં ભમતી ઇંદ્રીઓને અટકાવવાને, અને તેઓ ઉપર કાબુ રાખવાને, અને જે કાંઈ ખરા અને શુદ્ધા માર્ગો હોય તે ઉપર તેમને ચાલવા દેવાને, દુઃખથીજ તે આત્મા શીખશે. આ પ્રમાણે દુઃખ ભર્યા અનુભવથીજ હલકી ઇચ્છાઓ ઉપર કાબુ મેલવવાનું શીક્ષણ મલશે.

હવે અહીંયાં કદાચ એવું વિચારવામાં આવે કે આપણું ઇચ્છા શરીર ઉતરતાં જાનવરોનાં ઇચ્છા શરીરને મલતુંજ છે, અને તે જનાવરો માણસોથી કાંઇ વિચીત્ર રીતે વેગળાં છે: ઉતરતાં જાનવરો દુઃખ ભર્યા અનુભવનાં સંબંધમાં આવ્યા વગર અંગ જ્ઞાન (પ્રેરણા બુદ્ધિ) થી ઘણાં ખરાં દોરવાય છે, પણ જ્યારે માણસને તો પોતાની ઇચ્છા જીતવાને શીખે ત્યાં સુધી ઘડી ઘડી અનુભવ લેવો પડે છે, ત્યારે જાનવરને તો બાંધે ઉતરેલો અનુભવ છે કે જેને આપણે પ્રેરણા કહીયે છીયે, જે પ્રેરણા દુઃખનાં અનુભવથી ઘણે દરજ્જે નીરાળી છે. અને તેમજ છે.

---

* " . . . આરમઇતી (ઈયાને સંપૂર્ણ મનશની) તે (લોકો)ને તારાં ડાહપણના ઠેરવેલા કાયદા શિખવશે. ." (**ઉશતવદ ગાથા,** હા ૪૩, ફ. ૬ઠો. એરવદ કા. એ. કાંગા.) "અએ માણસો! (કરણી મુજબ) **સુખ તથા દુઃખ** (બાબેનાં) આએ નિયમ જે હોરમજ્દે મુકરર કીધા છે તે તમો **જાણો** (અથવા શિખો) . . ." (**અહુનવદ ગાથા,** હા ૩૦, ફ. ૧૧. કાંગા.)

આ પ્રમાણે હકીકત તપાસીને આપણે તેનું કારણ પુછીશું. અને તેનું કારણ દુર શોધવા જવું પડતું નથી. પહેલાં ગેરસમજુતી ઉઠતી અટકાવવાને સબબે કદાચ કહેવું જોઇયે કે ચઢતા તબક્કાનાં પ્રાણીઓની પ્રેરણાનાં સંબંધમાં લોકો કેટલેક દરજ્જે સહરાવાત કરે છે. નીચલા તબક્કાનાં જાનવરોમાં પ્રેરણા બુદ્ધિનો નિયમ ઘણો ખરો સંપૂર્ણ છે. ચઢતા તબક્કાનાં જાનવરોમાં પ્રેરણાનો નિયમ ઉતરતા વર્ગનાં જાનવરોની પ્રેરણાનાં નિયમ કરતાં ઓછો સંપૂર્ણ છે. તેમની પ્રેરણા તેમને સહી સલાંમત દોરવવાને લાયકનો એક ભોમ્યો બને તે અગાઉ તેમને કાંઇક અનુભવ મેળવવાની જરૂર પડે છે. તેમનાં બાબતું કારણ અને આપણા બાબતું વધારે ઉંડું કારણ આ પ્રમાણે છે: માણસનુ કામ માત્રં પોતાનાં ઇચ્છા શરીરનેજ કાબુમાં લેવાનું નથી—તેટલુંજ હતે તો તે કામ તો કોઈ બહારનાં કાયદાથીબી બની શકતે કે જે કાયદો કાંઈ ફાયદાકારક ચીજો તરફજ દોરવતે અને જે કાંઇ નુકશાનકારક અને જોખમભરી ચીજો હોય તે તરફ જતાં અટકાવતે. પણ માણસમાં તો રવાનુ પ્રગટ થયું છે—જીવાત્મા આવી વસ્યો છે—કે જે ઉપર કાંઇ બહારનાં કાયદાનો આંકોશ નથી, પણ ખુદ ભિત્તરનાં કાયદાથી તેને પોતેજ દોરવાઇ આગળ વધવાનું છે. જે પ્રમાણે ખનીજ, વનસ્પતી, અને જાનવરી દુનિયાંનાં બાબમાં છે, તે પ્રમાણે મનુષ્યને બહારની કુદરતને અનુસરી ચાલવાને ફકત બહારની ફરજીયાતથીજ દોરવવામાં આવતાં નથી. સામટુ પ્રગટીકરણ ચલાવવાને જેવી બાહેરનાં કાયદાની જરૂર હોય છે તેવા પ્રગટીકરણના કાયદાને મનુષ્ય હવે વધારે વાર આધીન નથી. માણસે તો પ્રગટીકરણના કાયદા, યાને સૃષ્ટિ રચનામાં આગળ વધવાના કાયદાને, પોતાનાં હાથમાં લેવાનો છે; તેને પોતાની વૃદ્ધિ અને વધારો અનુભવથી મેળવવાનો છે, અને નહીં કે બહારની ફરજ અને આંકોશથી; કારણ કે પ્રગટીકરણના આ તબક્કા ઉપર આત્મા મનનું શરીર પેહેરે છે, તેથી તે હલાએદો થયલો છે, અને જેમ કુદરતનાં નીચલા વર્ગોને દોરવવાને બહારનાં આંકોશની જરૂર હોય છે, તેમ હોવાને બદલે માણસનાં બાબમાં હવે તેનાં આત્માને ફરીફરી જન્મ લઇ* અનુભવ સંગ્રહ કરવાનો છે.

---

* ". . જે રૂહ નાકેશ તથા અધુરો હોય તેનેજ કાયા ખેંચી શકે, પણ કામેલ તથા સુધરેલું રૂહ હોય તેને કાયા ખેંચી શકે નહી. માટે રૂહો કાયાઓ આવ જાવ કરે જ્યાં સુધી કે તેઓ કામેલ તથા પૂર્વિણ થાય, અને કામેલ તથા પૂર્વિણ થયા પછી પોતાની અસલ જગામાં જાય અને ફરી કાયામાં આવે નહીં."—જીંદેહ ૩૬.

અને તેથી કરીને માણુસમાં મનસ યાને મન આવી વસવાથી તેને કેળવવાને દુઃખનું તત્વ એક જરૂરનો ભાગ થઇ પડે છે. માણુસ યાદદાસ્ત શક્તિ ધરાવે છે, એક ચીજની બીજી ચીજ સાથે સરખામણી કરી શકે છે, અને એક પછી એક બનતા બનાવોનાં કારણોનાં સંબંધ ખેંચવાને શક્તિવાન છે. એમ હોવાથી, તેનામાં મનને લીધે વિચાર કરવાની શકિત હોવાથી, તે પોતાની વૃદ્ધિ ખુદ પોતાનાં હાથમાં લેવાને લાયક છે, કે જેથી કરીને તે કુદરતની સાથે સાથે કામ કરવાને સામર્થવાન થાય. કુદરતની રચનામાં ફક્ત એક ઇંટ જેવો બની ઓછા ઉપયોગમાં આવવાને બદલે ખુદ જ્ઞાનવાળો કડીઓ બની તે મહાભારત કુદરતનાં સામટાં કામમાં કામે લાગવાને લાયકનો, થવાને તેણે પોતાની જાતી મહેનત અને અનુભવથી જ્ઞાન મેળવવાનું છે.

આ પ્રમાણે આસ્તે આસ્તે ઇચ્છા શરીર મારફતે થતાં મન ઉપર-નાં દુઃખનાં આ શીક્ષણથી બહારની સૃષ્ટિમાં કામ કરતા કાયદાનું જ્ઞાન થાય છે. તેથી કરી અહીં દુઃખનો અર્થ એ થાય છે કે **કાયદાનાં** સમાગમમાં બરખલાફ રીતે આવવું, અથવા તો **કાયદાનો** ભંગ કરતાં થતી વેદના; અને દુઃખનો ઉપયોગ તે એજ કે તે કાયદાનું જ્ઞાન આવવું, અને જેથી તર્ક બુદ્ધિથી હલકા હવસોને સીધા દોરવવાને અને તેઓ ઉપર કાબુ રાખવાને શીખવું.

હવે આપણે દુઃખનાં આ અવલોકન ઉપરથી બીજાં અવલોકન ઉપર જઇએ. આ પ્રગટ થતો વૃદ્ધિમાન આત્મા દુઃખથી એટલુ શીખ્યો કે એક અચૂક કાયદો સૃષ્ટિમાં હસ્તી ભોગવે છે. દુઃખનો બીજો ઉપયોગ જે માલમ પડે છે તે વધારે ઉંડો છે. દુઃખથી બહારની સૃષ્ટિ મધેની દરેક ચીજ માટેની ઇચ્છા જડમૂળથી ઉખડી જાય છે, કે જે "ભગ્વદ્ગીતા" ની ભાષામાં બોલીયે તો "દુઃખનાં ગર્ભસ્થાંન" મધેનુ એક ગર્ભસ્થાન છે. ઇચ્છાને લીધે આત્માને ઘડી ઘડી જન્મ લેવો પડે છે; સૃષ્ટિને પ્રગટ થવાનુ મૂળ કારણ પણ ઇચ્છાજ છે. જે કાંઇ અનંત **સત્ત** છે તેમાં **પ્રથમ ઇચ્છા* થવાથીજ પ્રગટ થયલી** સૃષ્ટિનું બીજ રોપાયું, અને તેથી કરીને અખંડ કે તેનાં કાંઇ ખંડીત ભાગનું પ્રગટ થવાનું મૂળ કારણ ઇચ્છાજ છે; અને ઇચ્છા આત્માને વારંવાર દુનિયાંનાં પરદા ઉપર ઘસડી લાવ્યા

---

* પરવરદેગારમાં "ખાહેશ" થવાથી જગત પેદા થઇ એવું જરથોશ્તી ધર્મનુ પણ મત છે. દસ્તુર જા. મી. જામાસ્પ આસા, **રાહે રોશન**, પુ. ૧લું પૃષ્ટ ૧૪૦.

કરે છે. આપણે યાદ રાખવું જોઇયે કે આત્માને હમેશાં બહાર અને બહારની વસ્તુઓ તરફ ખેંચી લઇ જાય છે તે ઇચ્છાજ છે. તેથી આત્માની કેળવણી તે એજ કે તેનું બહારની ચીજો તરફ ઘસડાઇ જવું, તેમને લગતું જ્ઞાન મેળવવું, અને ત્યાર પછી અનુભવથી તે બહારની ચીજો માટેના અભખરાનુ નીકળી જવું, અને મેળવેલાં જ્ઞાનને આત્માનાં ભિત્તરમાં લઇ જવું.

પણ કદાચ સવાલ ઉઠે કે ઇચ્છાવાળી ચીજો તરફ ઇચ્છા વાસનાં એમની એમજ રહીતો જન્મ મરણનાં ચક્રનાં પ્રગટીકરણનો કાંઈ છેડોજ આવે નહીં, ત્યારે તો તેમાંથી તારવી કાઢવાનું જ્ઞાન જેવું કાંઇ હોયજ નહી, અને ચઢતા પ્રકારનાં તબક્કા ઉપર આગળ વધવા જેવુંબી કાંઇ ખરેખર હોયજ નહી. યાદ રાખવું જોઇએ કે માણસનાં સદ્‌ગુણોની સંપર્ણતાથીજ કાંઇ આપણો આગળ વધવાનો છેડો આવી જતો નથી. ખરી વાત છે કે માણસની કમાલીયતનો છેડો ચાલુ જુગમાં મેળવવાનો છે, પણ તે એક બીજા જુગમાં, બીજા જમાનાનાં ચક્રમાં દાખલ થવા માટેનું પગથીઉં છે. જેઓએ ચાલુ જુગમાં સંપૂર્ણતા મેળવી છે તેઓ, જે નીર્વાણની શાંતી ભોગવે છે, તે શાંતીમાંથી તેઓ આવતા જાહેર થતા જુગમાં બહાર આવશે, પણ તે વખતે તેઓ કાંઇ શીખાઉ માણસો તરીકે આવશે નહી પણ શીખાડનાર અને રક્ષણ કરનાર ફરેસ્તાઓ તરીકે આવશે, કે જ્યાં તે બીજી પ્રગટ થયલી સૃષ્ટિને આગળ ચઢતા તબક્કા ઉપર દોરવશે, અને તેમ કરવામાં હાલના જુગમાં મેલવેલું તેમનું જ્ઞાન અને ડાહપણ ઉપયોગમાં લાવશે. તેથી દેખૈતું છે કે જે આત્માઓ હાલનાં જુગમાં માણસ તરીકે પ્રગટ થયલા છે તેઓ ભવિષ્યનાં હઝારાઓમાં યજદી યાને મિનોઇ આત્માઓ બનશે, અને તેટલા માટે અવસ્યનું છે કે હાલનાં મનુષ્ય આત્માઓ ત્યાં ફકત જ્ઞાન મેળવશે એટલુંજ નહી, પણ તે જ્ઞાન પોતાની સાથે, પોતાની હવે પછીની અંગત જ્ઞાની પ્રકૃતી રચવા માટે સાથે લઇ જશે; અને એમ બને તેટલા માટે ઇચ્છાની ખાસીયતને આસ્તે આસ્તે બદલવી જોઇયે, અને તે કયાં સુધી કે ઇચ્છા સમુળગીજ નાબુદ થાય. જે આત્માએ જ્ઞાન મેળવેલું છે તેને બહારની સૃષ્ટિની ચીજો ફીકી અને ઇચ્છવાને નાલાયક થવી જોઇયે; તેને બહારની શૂક્ષ્મ તેમજ ખાકી દુનિયાંની સઘળી ચીજો લેહેજત વગરની અને ખેંચાણ વગરની લાગવી જોઇયે. તેને તો અનંત પરમેશ્વર કે જે આત્માના અરક જેવો છે તે સિવાય બીજુ સઘળું ફીકુંફચ અને નકામું જેવું લાગવું

જોઇએ. આ પ્રમાણે આસ્તે આસ્તે આત્મા સ્થૂળ સૃષ્ટિમાં દુઃખથી ઇચ્છા નાબુદ કરવાનું શીખતો જાય છે.

ઇચ્છા જીતવાને માટે એના બીજો કોઈ બેહેતર રસ્તો નથી. આ બહારની ઇચ્છાઓ પંપાળવામાં દુઃખ નહી હતે તોપણ તમો તમારી પ્રબળ વિચાર શક્તિથી મનના તોફાની ઘોડાને આડા માર્ગ ઉપર જતાં રોકી શકો એમ છે. પણ તે કાબુ વગરનાં મનને તમો જોરથી અટકાવી રાખો, તે કરતાં કાંઈ વધારે ઉપયોગી કામ તમોને તો કરવાનું છે; પ્રગટીકરણની વૃદ્ધિને માટે આગળ વધવાનાં માર્ગમાં પેહલો માર્ગ તેજ છે; તમો હવે ચાહો છો કે તમારૂં મન આ કુદકા મારવાની ખાહેશ રાખે નહી; ખાહેશ-ની ખુદ નસલને તમે કાપી નાંખવા ચાહો છો, અને તે ત્યારેજ બને છે કે જ્યારે જે ચીજો પહેલાં તમને પોતાની તરફ ખેંચતી હતી તેઓ હવે પોતાની મેળે ફીકી યાને વગર ખેંચાણની બનતી જાય, જેથી કરીને આત્મા-ને તેઓ વધારે વાર બહાર ખેંચી શકે નહી. અને ત્યાર પછી આત્મા તે ચીજો મધેથી મલતો અનુભવ ભોગવીને અને આખરે તેમાં દુઃખજ છે એમ જાણીને તે ચીજો ઇચ્છવા લાયક નથી એમ સમજે છે, તેથી તેમને પડતી નાંખે છે, અને તેઓ મધેથી જે કાંઇ જ્ઞાન થયું હોય તેજ લઇ આગળ વધે છે;—કારણકે આત્મા તે ગાયા ફુલ ઉપર ફરતી મધમાંખ જેવો છે. મધમાંખ કાંઇ સઘળોજ વખત ફુલ ઉપર બેસી રહેવા માંગતી નથી; તે મધમાંખ માત્ર ફુલ મધેનું મધ ચાહે છે; તેથી જ્યારે ફુલ મધેનું મધ તેને મલે છે ત્યારે તે માંખને તે ફુલ વધારે વાર ખેંચાણ કરનારૂં થઈ પડતું નથી. અને આત્મા પણ જ્યારે દુનિયાંનાં ફુલોમાંથી જ્ઞાન–મધ મેલવે છે, ત્યારેજ દુઃખનો ઉપયોગ થાય છે, અને પછી તે ફુલને તે વધારે ચાહતો નથી. ધડો લેવાને જરૂરનું હતું તે સઘળું તેમાંથી તેણે લીધું છે, અને ત્યાર પછી દુઃખ ઇચ્છાનો નાંશ કરે છે, અને આત્માને પોતાના અંતરમાંજ સોચ અને મનન કરવાને રોકે છે. તમે જો ફુરસદને વખતે એ બાબદ ઉપર વિચાર કરશો તો એ રીત સિવાય ઇચ્છા નાબુદ કરવાનો ખરેખર બીજો કોઈ પણ ઇલાજ તમે શોધી શકશો નહી. અને જ્યાં સુધી તમે દુનિયાંની બાકી ચીજો ઉપરથી મન ઉતાર કરશો નહી ત્યાં સુધી તમે અંદરની લાગણી, જે પહેલાં મનને લગતી બાબદો તરફ અને પછી ખુદ શ્રેષ્ટ જીંદગીની બાબદો તરફ ખેંચે છે, તે તરફ ખેંચાશો નહી, કે જે ઉત્તમ આત્માના વધારાની ખુદ મકસદ છે, અને જે વિષે દુનિયાંનાં પેદા થયલાં સઘળાં આદમીઓએ જાતે અનુભવ લેવાનો છે.

પણ દુઃખનો બીજો ઉપયોગ શું છે? આપણે તેનાં બે ઉપયોગ વિષે જાણ્યું: એક તો એ કે સૃષ્ટિમાં એક અચૂક કાયદાની હસ્તી છે તે જાણવી, અને બીજો એ કે ઇચ્છાઓનું નાબુદ થવું. દુઃખથી જે આપણે બીજો ધડો લઇએ છીએ તે એ કે, જેબી કાંઇ ચીજ કે બાબદ જે ખુદ આત્માના અર્કથી વેગળી છે—યાને જે શ્રેષ્ટ અને કેવળ તત્વની બનેલી નથી—તે સઘળી ચીજો અને બાબદો ક્ષણભંગુર યાને તકલીદી છે. હિન્દુઓની ઘણી-એક દ્રષ્ટાંતરૂપી કથાઓ મધેની એકમાં તમો એમ વાંચશો કે મોતનો દુત અથવા યમ માણસો તરફ જોઇને તેમનાં વિલાપો માટે પોતે વિલાપ કરીને સઘળાં માણસો માટે સોચ કરતો અને રડતો બેઠો; અને જેમ જેમ તે યમદુતનાં આંસુઓ પૃથ્વિ ઉપર પડતાં ગયાં તેમ તેમ તે આંસુઓ સઘળાં મનુષ્યોને પીડા કરનારાં દુઃખ, આજાબ, અને કંગાળીઅત તરીકે બનતાં ગયાં. યમ દેવતાની દયાથી ઉપજેલાં આંસુઓ મનુષ્યોને રીબાવવાનાં જેરબદ જેવાં કેમ થઇ ગયાં વારૂ? આ દંતકથાઓ હમેશાં ધ્યાનથી ગોર કરવા લાયક હોય છે, કારણ કે દંતકથાનાં પરદા તળે હમેશાં કાંઈ સત છુપાઇ રહેલું હોય છે, અને અલંકારમાં છુપાવેલું હોવાથી તે સત સમજ-માં પણ ઘણી સરસ રીતે ઉતરે છે. ત્યારે એ મોતનો દુત અથવા દેવ કોણ છે? તે ગોયા ફેરફારનો અવતાર છે. યમ દેવતાને કોઇ વાર નાશ કરનાર તરીકે પીછાણેલો સમજીયે છીયે; પણ એનો ખરો અર્થ તો ફરી જન્મ આપનાર અથવા નવી પેદાએશ કરનાર (Regenerator) તરીકે છે; કારણ કે પ્રગટ થયલી સૃષ્ટિમાં સમુળગું નાશ થઇ જવું એવું કાંઇ નથી. હમેશાં જે એક બાજુએ મોત માફક દીસે છે તેજ બીજી બાજુએ જન્મ તરીકે જાહેર થાય છે; અને તેથી જે કાંઇ ફેરફાર થાય છે, અથવા નાશ થયો હોય એમ દીસે છે, તે જે આત્મા શરીર શોધે છે તેને બીજાં ભુવન ઉપર કેવળ નવાં સ્વરૂપમાં અને નવા આકારમાં બદલે છે. તેથી કરીને યમદુત અથવા મોતનો દેવતા તે ગોયા ફેરફારનો આડત્યો છે; તે ફેરફાર જે કાંઇ અમર સત્ત છે તે સિવાય સઘળામાં માલમ પડે છે, અને જ્યારે તે ફેરફારનો અવતાર પોતેજ માણસો માટે રૂદન કરે છે, ત્યારે સ્વભાવીક છે કે તેનાં આંસુઓ એવી ચીજ બનવી જોઇયે કે જેથી માણસો શીખે કે તેમની આસપાસ જે કાંઇ છે તે સઘળું ફેરફારને આધીન છે, યાને નાશ-વંત કે તકલીદી છે. યમદુતનાં આંસુઓ જે દુઃખ અને કંગાળીઅતમાં બદ-લાઇ ગયાં તે દુઃખનાં લેબાશમાં સર્વેથી ઉત્તમ ધડો આપતાં શિક્ષણો છે કે: જે કાંઇ તકલીદી છે તે આત્માને કદી પણ કાયમ સંતોષ આપી શકે નહી,

અને હલકી જીંદગી તકલીફ છે એમ શીખવાથીજ આત્મા તેવી બાબદો તરફ વળશે કે જેમાં કાંઇ ખરૂં અને કાયમ સુખ અને સંતોષ છે. આ પ્રમાણે યમદુતનાં આંસુની મતલબ દુનિયાંની ચીજો મીથ્યા છે એમ શીખાડવાની છે, જેથી દુ:ખથી માણસોને જે ધડો તે આપે છે તેમાં તે દેવતાની માણસ જાત માટે ખરેખરી અને ઉંડી દીલસોજી અને દયા છે એમ સાબેત થાય છે. કારણકે આ પ્રમાણે દુ:ખ દરદ અને આપદાથી તેમજ ગરીબાઇ અને દલગીરીથી આપણે શીખીયે છીયે કે આપણી આસપાસની બાકી દુનિયાંને લગતી—તેમજ ઇચ્છા વાસના અને મનોવિકારને લગતી—દરેક ચીજમાં ફેરફાર થતો રહે છે, અને ફેરફારનાં વમળમાં જે કાંઇ ફેરફાર વનાનો છે, યાને અમર આત્મા છે, તેને બીલકુલ ચેન પડતું નથી. કારણકે ભિત્તરમાં અથવા અસલ મૂળમાં આપણે જાતે અમર છીયે, હંમેશગી છીયે, ક્ષણભંગુર નથી; આપણી જીંદગીનું મધ્યબિંદુ, આપણા દીલમાં વસ્તો આત્મા, પોતે અમર અને જાવેદાની છે. તેમાં કાંઇ ફેરફાર થાયબી નહીં, અને તે મરેબી નહી.* તેટલા માટે જે કાંઇ ફેરફારને પાત્ર છે તે આત્માને સંતોષ આપી શકે નહી, જે મોતને વશ થયલું છે તે આત્માને આખરનુ સુખ અને શાંતી લાવી આપી શકે નહી. પણ આત્માએ આ ધડો દુ:ખની મારફતેજ શીખવો જોઇયે, અને તે શીખવામાંજ તેને આખરનો આનંદ ચાખવાની આશા છે. આ પ્રમાણે આત્મા તકલીદી તબક્કાઓ વચેનાં તફાવતો પણ શીખતો જાય છે; આ શીક્ષણો ઘણાં ધીરાં મલતાં જાય છે, અને તે શીક્ષણ પુરૂં કરવાને માટે તેને ઘણાએક જન્મો લેવા પડે છે.† (આત્મા, તે જાવેદાની રૂહ કે જેમાં તેને હંમેશનો આશરો લેવાનો છે, તેને તે વિષે પેહેલાં તે વિચાર કરી શકશે નહી; પણ તે આસ્તે આસ્તે બાકી ચીજો ઉપરથી મનને લગતી ચીજો તરફ તેમજ નફશાની અથવા વિષઇ ચીજો પરથી માનસિક અથવા અક્કલને લગતી બાબદો તરફ ઢળતો જવાને,

---

*"...હોરમજ્દ (કે જે) હમેશાં હતો, હંમેશાં છે, તથા હંમેશ સુધી રહેશે, ..."—(**દોઆ નામ સેતાયશને.**)

†"એક ચોકસ વખતનાં અરસામાં અથવા તો જમાનામાં આત્માને ઘણાએક અનુભવોમાંથી પસાર થવું પડે છે; અને અનુભવો [જ્ઞાન] મેલવ્યા પછી, તેને પાછું તેજ હાલતો યાને ભુવનોમાંથી પાછું ફરવું પડે છે, અને આ પ્રમાણે જરથોશ્તનાં કહ્યા પ્રમાણે કારણ તેનું પરિણામ જરૂર નીપજાવ્યા કરે છે. જરથોશ્તનાં શીખવ્યા પ્રમાણે આપણા મીનો શરીરવાળા આત્માને ફરી ફરી જન્મ લેવો પડે છે."—[**જરથોશ્તનાં સુકનો.**]

૧૨૬૮

અને સરખામણીમાં એક બાબદ બીજી બાબદ કરતાં વધારે જાથુકની છે, અને મનનું સુખ શરીરને લગતી મોજ શોખો કરતાં વધારે લાંબો વખત ચાલે એવું છે, એમ તે શીખશે. અને પ્રગટીકરણનાં ધીમેથી આગળ વધતા માર્ગમાં ખુદ આત્માને લગતાં શીક્ષણે શીખવામાં આવે તેની ઘણીજ અગાઉ તે મનની કેળવણીને લગતો ધડો શીખવામાં આવે છે, અને માનસ જ્યારે પોતાની હેવાની ખાસીયતો ઉપર કાબુ રાખી જાણે છે, અને મન અને બુદ્ધિને લગતાં કામોમાં મજાહ અને સંતોષ લઇ શકે છે, ત્યારે તે માનસ ચઢતા પ્રકારનું ગણાય છે, કે જેથી કરીને તે માનસમાં શરીરની મજાહ ભોગવવાનાં શોખ કરતાં ફીલસુફીનો વધારે શોખ હોય છે, અને હલકી ઇંદ્રીયોને લગતી મજાહ કરતાં ચોખ્ખાં મન, બુદ્ધિ અને અક્કલથી ઉપજતી મજાહ વધારે ખેંચાણ કરનારી હોય છે.

આ પ્રમાણે હમણા [યાને ચાલુ જમાનામાં] માનસ આસ્તે આસ્તે આગળ વધતું જાય છે, અને હાલના વખતમાં સાધારણ માનસોનાં પ્રગટી-કરણનું મોટું કાંમ કાંઇ તેઓનાં ખુદ આત્માનાં પ્રગટીકરણને લગતું નથી, પણ મનની વૃદ્ધિને લગતું છે, કે જે પણ ઇચ્છા વાસના જેમાં ઘણાં માનસો આજકાલ પોતાનો આખો જન્મારો રોકેલો રાખે છે, તે સાથે સરખાવતાં તો વધારે કાયમ કહેવાય. તેથી કરીને સાધા-રણ માનસને અતરે જે કાંઇ કરવાની જરૂર છે તે એજ કે, તેણે હલકા વર્ગનાં જાનવરોની માફક ફકત ખાકી ઇંદ્રીયોથી મલતાં સુખો [જેવાં કે મન-ગમતું ખાવું પીવું, શેહવત, વગેરે] તરફ જેહમત ખેંચવાનું છોડી દઇને પોતાની ઇચ્છાને તકલીદી ચીજો ઉપરથી લગાર જાથુકની ચીજો ઉપર લગાડવું; અર્થાત, તેણે પોતાના મન, બુદ્ધિ અને કુદરતની કારીગી-રીને લગતી બાજુને કેળવવી. અને જેઓ પ્રમાણમાં લગાર જાથુકની અથવા લાંબો વખત ચાલે એવી બાબદો શોધે છે, અને ખાકી ઇચ્છા-ઓને પંપાળવાથી પરહેજ રહે છે, અને મનને લગતી બાબદોમાં પોતાને કેળવવા મંડેલાં છે, તેઓ સઘળાં મનુષ્યનાં પ્રગટીકરણનાં વધારાને મદદ કરે છે. જો કે મનને કેળવવાની બાબદ પણ આગળ વધતાં તકલીદીજ માલમ પડશે, તે છતાં હાલ તરત તો તે એક આગળ વધવાનું પગથીઉં છે; તે ઇચ્છાને શરીર ઉપરથી મન ઉપર ખેંચી લાવવાને, ખાકી વિષય ઇંદ્રીયો ઉપરથી ભિત્તરનાં તત્વ ઉપર લગાડવાને, ખાકી જુસ્સાઓ ઉપ-રથી વિચાર અને કલ્પનાનાં ચિત્રો ઉપર આવવાને લગતું છે. ભિત્તરમાં દાખલ થઇ મનન કરતા આત્માના અનુભવનો તે એક ભાગ છે. કે જે

ઇંદ્રીયો ઉપરથી ખસી આવીને થોડી વાર પણ મનનાં ભિત્તરમાં ચોંટી બેસે છે; અને આ ભિત્તરનાં સાધન અથવા દ્વારમાંથી પણ તકલીફો ચીજોજ પેદા થાય છે. તોપણ જોશો તો એથી પણ કેટલો બધો ફાયદો થાય છે; કારણ કે જ્યારે ઇચ્છા ઇંદ્રીને લગતી બહારની ચીજો ઉપરથી ખસીને ભિત્તરની અક્કલને લગતી ચીજો ઉપર વળે છે ત્યારે મનુષ્યો વચેની મારામારી, કલેશ, વગેરેનો છેડો આવે છે. બાકી ચીજોની હદ હોય છે; અને હદવાળી ચીજોનો કબજો મેળવવા માટે માણુસ એક બીજા સાથે લડે છે. જ્ઞાન-બુદ્ધિ વગેરે મેલવવાંના ઉત્તમ શોખને કાંઈ હદ હોતી નથી, યાને તે બહોલી રીતે સઘળે ઠેકાણે ફેલાયલું છે, અને તેથી તે મેલવવા માટે માણસોમાં રકજીક થતી નથી; કારણ કે જેમ એક માનસ ઘણોજ હોશીયાર કે કારીગર હોય તેનાથી રસાકસીમાં તેનાં ભાઇબંધને ગરીબી ભોગવવી પડે છે, એમ કાંઇ આમાં હોતું નથી, અને મનથી ઉપજતાં સુખમાં એકનો હીસ્સો વધારે હોય તો તેથી બીજાનો કાંઇ ઓછો થતો નથી. તેથી કરીને કુળ માનસજાત હરીફાઇ ઉપરથી આગળ વધી એકમેક-ને સહાય થવાનાં કામમાં રોકાય છે, અને તેમ કરતાં ભ્રાતૃભાવનો સબક શીખે છે. જ્યારે આપણે જોઇયે છીયે કે આપણુ સઘળાં ઉત્તમ જીંદગીનાં તબક્કા ઉપર ચઢીએ છીયે કે જ્યાં સર્વે કોઇ બસ આપ-આપ કરવાથીજ આનંદ પાંમે છે, અને પોતાને માટે કશું પણ લેવા ચાહતું નથી, તો બુદ્ધિ-જ્ઞાનમાં જો તમો માતબર હો તો તે મધેથી તમો જેમ જેમ બીજાંને બક્ષેશ કરો તેમ તેમ તમોને તેને માટે બબડવાનું રહેજ નહી. કારણકે જ્ઞાન અને ફીલસુફી વગેરે ઉંચી મોજનાં વચલા વર્ગમાં અદેખાઇ કે અંટસ-ની જગ્યાની હોતી નથી, પણ સઘળાં જે કાંઇ તેમનો એ બાબદનો હીસ્સો હોય છે તે ભોગવે છે, અને તેમનાં હીસ્સામાંથી બીજાંને આપતાં તેઓમાંથી તે જ્ઞાન ઓછું થવાને બદલે ઓર વધે છે.*

તોપણ વળી માલમ પડયું છે કે આ જ્ઞાનનાં માર્ગમાં પણ સંપૂર્ણ સંતોષ મલતો નથી, કારણ કે તેમાં પણ ઇચ્છાની કાંઇક ખાસીયત સમાયલી છે. આ બાબદ ઉપર એક પલવાર થોભીશું. અત્રે તમારી સનમુખ મુકવામાં આવતા કાનુનનાં અમલમાં મુકવા ઉપર તમારી જીંદગીને

---

* "વળી (કોઇ) મરદ ઇયા ઓરત કાંઇ સારી બાબદો (પોતે) ખરેખર જાણતાં હોએ તો તે જાહેર કરે, (તે પ્રમાણે) પોતે અમલ કરે, (તથા) બીજાઓ જેઓ ઘટતી રીતે તે પ્રમાણે ચાલે તેઓને તે શીખવે. . . ."
—(**મ્હોટી હપ્તન યશ્ત**)

કેવી વળાણ આપવી તેનો આધાર રહે છે. તમો જો ઈચ્છાની તૃપ્તી માટે આરજુ રાખતા હો તો તમોને કદી સુખ મલવાનું નથી, કારણ કે દરેક ઇચ્છાને તૃપ્ત કરવાથી બીજી નવી ઇચ્છા પાછી પેદા થાય છે, અને જેમ જેમ તમો તમારી ઇચ્છાઓને વધારે અને વધારે તૃપ્ત કરતા જશો તેમ તેમ તેઓનાં મોઢાં વધારે ખુલતાં જશે, અને સૈઘળાં મુખો તૃપ્ત થવા ચાહશે. આ બાબદ માટે એક અચલ શાસ્ત્રમાં આ પ્રમાણે કહેલું છે: "જેમ આતશ ઉપર ઘી નાંમી તેને બુઝાવી શકાતો નથી, પણ ઓર તે આતશ વધારે અને વધારે ભડકે બળે છે, તેજ પ્રમાણે ઇચ્છાની તૃપ્તી કરવાથી ઇચ્છા નાબુદ થતી નથી, પણ તેની ખાહેશ ઓર ઉસકેરાઇ વધતીજ જાય છે." આ એક એવી ઉમદા કહેણી છે કે જે ઉપર પુરતો વિચાર કરવો વાજબી છે. કારણ કે જો એ રસ્તા ઉપર રહેવાથી સુખ મળતું નથી, તો લોકો, મુખ્ય કરીને સુધરેલા દેશોનાં ઘણાંખરાં લોકો, સુખને માટે એક ખોટા માર્ગ ઉપર દોડે છે; જે માર્ગ તેઓએ પકડેલો છે તે માર્ગે તેઓ પોતાનાં સુખને ધામે પોંહચશે નહીં, અને ચાલુ જમાનાની જીંદગીની હાજતો તરફ તમારી નજર ફેંકશો તો તમોને માલમ પડશે કે જે કાંઇ મેળવેલું છે તેજ પાછું વધારે ને વધારે મેલવવા માટે વધુ અને વધુ રંજ લેવાતી માલમ પડશે, અને તેથી ચાલુ વધતી ખાહેશોની સંપૂર્ણ તૃપ્તી થઇ શકતી નથી. તમોને યાદ હશે કે એક ગામડીયાને પુછવામાં આવ્યું હતું કે કઇ ચીજ તારી પાસે હોય તો તું પોતાને ઘણોજ સુખી સમજે, ત્યારે તેણે જવાબ આપ્યો કે: "ઝાંપા ઉપર બેસી હીંચકા ખાવાનું, અને સાથે સાથે ડુક્કરનું ચરબદાર આથેલું ગોસ આખો દહાડો ચાબ્યા કરવાનું મને જો મલે તો હું ઘણોજ સુખી કહેવાઉં." ત્યાર પછી તેને ફરીથી પુછ-વામાં આવ્યું કે એવી બીજી શી ચીજ તારી પાસે હોય તો તું પોતાને એથી પણ વધારે સુખી સમજે? ત્યારે ગામડયાએ ઉત્તર વાળ્યો કે "ઝાંપા ઉપર ઘણાજ હીંચકા ખાવાનું, અને ઘણુંજ ડુક્કરનું માંસ ચાવવાનું મલે તે." હવે આ એક વધતી જતી ઇચ્છાનું કઠોર રીતે બ્યાન કરવામાં આવ્યું છે, પણ ઘણાંખરાં લોકો જે જવાબ આપશે તે કાંઈ એને મલતો-જ આપશે. કબુલ કરવામાં આવશે કે ઝાંપા ઉપર હીંચકા ખાઇ ડુક્કરનું માંસ ચાવવાનાં કરતાં તેમની ઇચ્છા કાંઇ ચઢતી હશે, પણ ગામડીયાની ખાહેશનું જે મૂળ છે તેજ મૂળ તેમની ખાહેશનું પણ છે, કેમકે તેઓ જે કાંઇ તેમની પાસે છે તેજ પાછુ વધારે ને વધારે સંખ્યામાં કે જથ્થામાં ઇચ્છે છે. તેઓ એવું સમજતાં નથી કે ઇચ્છાઓને તૃપ્ત કરવામાં સુખ

નથી, પણ તકલીદી ચીજો ઉપર ભમતી ઇચ્છાને બદલી નાંખી હમેશગીની ચીજ ઉપર ચોંટાડેલી ચઢતા પ્રકારની આરજુ બનાવવામાં, અને જે પહેલાં બીજાં પાસેથી **મેળવવામાં** સુખ સમજતી હતી તેને બદલે બીજાંને **આપીને** સુખ મેળવે એવી રીતની ઇચ્છાની ખાસીયત બદલવામાં **ખરૂં સુખ** છે. અને જો આ બીનાં ખરી હોય તો તમે તમારાં સુખને કયે રસ્તે શોધો છો તે માટે તમારે વિચાર કરવો જોઇએ; કારણ કે જો તમો તે સુખ ઇચ્છાઓ તૃપ્ત કરવાનાં માર્ગમાંજ શોધતા હો તો, યાદ રાખવું કે, તે ઇચ્છાઓને તમે ગમે તેવીબી ચોખી કીધી હોય તે છતાં તમારો માર્ગ છેડા વગરનાં ગોળ વર્તુલનાં જેવો છે, અને તે માર્ગમાં તમે અસતોષીજ રહેશો, અને મનુષ્ય આત્માનું કુદરતી આખરનું ધામ જે **આનંદ** અથવા **સંપૂર્ણ ખુશાલી*** છે તે તમને કદી મલશે નહીં.

અને આ પ્રમાણે થોડોક વખત ગયા પછી સંતોષની ગેરહાજરી, કે જે એક જાતનું દુઃખ છે, તેથી આત્માને એવું જ્ઞાન આવતું જાય છે કે આ કાંઇ ખરો માર્ગ નથી, અને ઘડી ઘડીનાં થતા ફેરફારથી તે કંટાળી જાય છે. શરીર અને મનની ઇચ્છાની સઘળી બહારની વસ્તુઓ ફીકી પડતી જાય છે, યાને તેઓ આત્માને હવે પોતાની તરફ ખેંચવાને શક્તિ ધરાવી શકતી નથી, અને આત્મા બાકી દુનિયાંમાં સઘળે ઠેકાણે નજર પડતા ફેરફારથી કંટાળેલો હોવાથી તે હવે બહારની ચીજો તરફ ખેંચાતો નથી, પણ ભિત્તરમાં યાને ઇશ્વર તરફજ પોતાનું મોઢું ફેરવે છે. આત્મા બહાર ઇંદ્રીયો ઉપર લોભાયો, પણ ત્યાં તે નિષ્ફળ થયો; ત્યાર પછી તે મન કે જે પણ ભિત્તરનાં આત્મા સાથે સરખાવતાં તો બહારનીજ ચીજ ગણાય તે ઉપર વળગ્યો, પણ ત્યાંબી તે નિષ્ફળ થયો અને ત્યાં પણ તેને કાંઈ આખરની શાંતી મળી નહીં. આ પ્રમાણે હમેશાં તે દુઃખ, સંતાપ અને અસંતોષથી હાડમાર થયા કીધો, જે સઘળું ઘણું કંટાળા ભરેલું દુઃખજ સમજવું. ત્યાર પછી આખરે તેને પુરતો ધડો મલે છે અને તે બાહારની વસ્તુ ઉપરથી પાછો ફરી ભિત્તર તરફ વળે છે; † અને ત્યારે તેને શાંતીની શરૂઆતનો કાંઇ ભાસ થવા માંડે છે, અને જે કાંઇ સત્ત છે, અથવા ખરો સંતોષ છે, તેનો સહેજ સ્પર્શ થાય છે.

---

* " . . . હોરમજ્દની ખુશાલીને આતુરતાથી શોધનારા (તથા) નમ્રતાથી તેને યાદ કરનારા (હમો થઇએ)!"—(**વોહુક્ષત્ર ગાથા,** હા ૫૧–૨૦.)

† " . . . હોરમજ્દ જે સૌથી સરસ અશોઇ છે તે તરફ હમો મન લગાડીએ છીએ . . ."—(**યજશને,** હા ૩૫—૫.)

હવે દુઃખના એક બીજા ઉપયોગ માટે બોલીએ કે જે વધારે ઉંડો અને ભિત્તરનો ધડો શીખવે છે; કારણકે હવે આપણે આત્માની વૃદ્ધિનાં માર્ગમાં આટલા તબક્કા સુધી આવી પોહચ્યા છીએ, કે જ્યાં આત્મા, ઇચ્છા-શરીર અને માનસીક શરીરથી પોતાને અલાહેદો રાખવા શીખ્યો છે, પરંતુ આત્મા હજી કાંઇ દુઃખની સરહદમાંથી મોકળો થઇ શક્યો નથી, કારણકે હજી તેણે પોતાનું મધ્યબિંદુ સંપૂર્ણ રીતે શોધ્યું નથી, હજી તો તે તેની શોધમાં છે. જો કે આત્મા જાણે છે કે તે પોતે કાંઇ શરીર નથી કે ઇંદ્રીયો નથી કે મન નથી, તે છતાં તેને હજી ભિત્તરમાંથી થતા સ્પર્શથી થતી વેદના લાગે છે, અને બીજાઓના સમાગમમાં આવ્યાથી, અને બીજાઓનાં વિચાર, લાગણી, સમજ અથવા ચુકાદાના સંબંધમાં આવ્યાથી, તેને વારે ઘડીએ તેમની ગેરસમજુતીથી, કે ઉલટાવી નાખેલી મતલબથી, કે અણગમતી લાગણીથી, દુઃખ થાય છે. પણ જો આત્મામાં અત્યાર સુધીમાં ડહાપણ આવેલું હશે—અને આપણે ઉપર બતાવ્યો તે રસ્તેથી આગળ વધી આવેલો હશે તો તેમાં તે આવેલું હશેજ—તો પોતાના મનમાં તે પુછવા માંડશે: મને હેજી દુઃખ શાથી થાય છે વારૂ? આ શું છે કે જે બહારતું નથી પણ **મારામાંજ** કાંઇ છે કે જેથી મને દુઃખ લાગે છે? કારણકે હવે તો આત્મા બહારની ચીજોથી દુઃખ પોહોંચે છે એવાં અજ્ઞાનપણાથી મોકલો થયલો છે, અને તે તેનો સંબંધ ખુદ તત્વ કે જે દુઃખ પહોંચાડે છે તેની સાથે જોડે છે, અને તેની સમજમાં ઉતરે છે કે આત્મા પોતેજ—કે જે સઘળાં માટે જવાબદાર છે તેજ—આત્માને લાગી શકે. અને જો તેને દુઃખ થતું હોય તો જાણવું કે દુઃખનું કારણ ખુદ દુઃખ ખમનારામાંજ હોવું જોઇએ, તે કાંઇ બહારથી આવી શકતું નથી; કારણકે આત્મા જો સંપૂર્ણ હોયતો કાંઇ પણ બહારની ચીજ તેને દુઃખ પહોંચાડી શકતી નથી; અને જો દુઃખ લાગતું હોય તો જાણવું કે તેનો આત્મા હજી કાચો છે, યાને બાહ્રી દુનિયાંનાં સ્પર્શમાંથી સંપૂર્ણ રીતે તેણે પોતાનાં આત્માને મીનોઇ ભિત્તરમાં ખેંચી લીધો નથી. અને ત્યાર પછી તે દુઃખને માત્ર ખમવાને બદલે ખુદ તે દુઃખને પોતાનાં ઉપયોગમાં લાવે છે; અને ત્યાં પણ બે ચીજ વચે તફાવત છે. તે કાંઇ હવે દુઃખને આધારે પડેલો નથી, પણ દુઃખને ખુદ ગોયા પોતાનાં હાથમાં લે છે, અને તેને પોતાનાં ઉપયોગમાં લે છે. ધારો કે કોઇની ગેરમેહેરબાની ભરી વર્તણુકથી, અથવા કોઇનાં બદ હેતુ કે ચાલથી, આત્માને દુઃખ થાય તો જેમ કોતરકામ કરનાર પોતાનાં હાથમાં પોતાની છીની ધરે છે તેમ આત્મા

તે દુઃખ પોતાનાં હાથમાં ધરશે, અને તે દુઃખ (હથિયાર) વડે પોતાનાં આત્મામાં જે હજી પોતાપણું—મતલબીપણું—સ્વતા છે તેને ઉખેડી નાંખશે; કારણ કે તે જાણે છે કે જો આ ખુદી કે જે આપમતલબ છે તે જો આત્માનાં અંશમાં ન હતે તો આ દુઃખ કાંઇ લાગતેજ નહીં. તેથી કરીને તે દુઃખને એક હથિયાર તરીકે વાપરે છે અને તે વડે પોતામાં વસ્તી અંગત મતલબ યા નબલાઇ તે કાપી નાંખે છે, અને તેમ કરવાથી તે દુનિયાંનાં સંતાપમાં પણ હમેશાં શાંત અને ખળભલાટ વગરનો રહે છે.

જેઓએ પોતાની ખુદી સદન્તર મીટાવી છે તેઓ સઘળા એજ પ્રમાણે વેદનાંથી મોકળા થયા છે, જેઓને આપણે ગુરૂઓ, મહાત્માઓ [આબેદો, અશો નરો] ને નામે પીછાણીએ છીએ, અને જેઓ, ગમે તેવી ગેરસમજુતી લોકો તેઓ માટે, મનમાં લાવે, તે છતાં દુનિયાંનાં ભલાં અર્થે સદા મંડેલા રહે છે. તે કૃપાલુ મહાત્માઓ મધેનાં એકને આ પ્રમાણે બોલતા જણાવવામાં આવ્યા છે: "હીમાલય પર્વતનાં ગગન ઉપર ચઢેલાં શિખરોને તેજ પર્વતોની તળીએ વસ્તાં સંપોલીયાંઓનાં ફુંફારાથી જે અસરો થાય તેટલીજ અસર મનુષ્ય-જાતની નીંદા અને ટીકાથી અમને થાય છે." તેઓમાં એવું કાંઇજ અંગત નથી કે જે ખોટા રચેલા ખ્યાલથી મનમાં મુંજાઇ વેદનાં ભોગવે. તેઓ આશીર્વાદ દે છે, અને માનસ તે મેલવે છે, પણ માનસને ખબર નથી પડતી કે એ સુખ કયાંથી આવ્યું. તેઓ કોણ છે અને તેમનાં કેવાં શ્રેષ્ટ લક્ષણો છે તેનાં અજ્ઞાનપણાંને લીધે, અને તેઓબી જાણે પોતાના જેવા સાધારણ આદમી હોય એવી ભૂલથી, આદમીઓ તેમની ઠઠ્ઠા કરે છે, નીંદા કરે છે, અને કાંઇને કાંઇ આરોપ પણ મુકે છે. માણુસનાં તેવાં કામથી શું તેઓ દુઃખી થાય છે? નહી, નહી. ગેરસમજુતીનો જવાબ તેઓ દયાથી આપે છે, અને અપમાનનો ઉત્તર તેઓ દરગુજરથી વાલે છે; કારણ કે તેઓમાં એવું કાંઇજ નથી કે ગેરસમજુતીથી તેઓ દુઃખી થાય; એથી ઉલટુંજ, જે કોઇ અજ્ઞાનપણાને લીધે આ પ્રમાણે આંધળો બનેલો છે, અને ખરૂં શું તે જોઇ શકતો નથી, તેને માટે તેઓને દયા આવે છે; દયા એટલા માટે કે તે માનસ—ગોયા તેમનો આંધળો ભાઇ—પોતાનાં ખોટા વિચારથી પોતાનાજ આત્માને નુકશાંન પહોંચાડે છે. જો કોઇ ચંદ્રમા તરફ ધૂળ છાંટે તો તેથી ચંદ્રમાને કશી ઇજા થતી નથી, તે ધૂળ પાછી ફેંકનાર ઉપર આવી પડે છે, અને તેનાં કપડાં ધૂળે ભરે છે, પણ ચંદ્રમાની રોશનીતો જેવીને તેવી ચોખી અને ધૂળથી હરકત થયા વગરનીજ રહે છે. તેટલા માટે આત્મા જેમ જેમ રોશની

તરફ યાને આત્મામાં વસ્તાં ખરાં મિનોાઇ જ્ઞાન તરફ વધતો જાય છે, તેમ તેમ તે દુઃખને પોતામાં વસ્તી મતલબ અને બીજી એવીજ મતલબી અણદીઠ લાગણીઓ, કે જેઓથી બાઝે વખતે આગળ વધેલો આત્મા પણ ભુલ થાપ ખાઇ જાય છે, તે અંગતપણાંને [ખુદીને] કાઢી નાંખવાને દુઃખને એક હથિયાર તરીકે વાપરે છે; તે દુઃખને પોતાની ચુક, ખતા, અથવા નબળાઇ જાહેર કરનાર એક ઘણાજ દયાળુ કાસદ તરીકે લેખે છે. જેમ જેમ તમો જ્ઞાન મેળવી વધતાં જશો તેમ તેમ તમોને માલમ પડશે કે જે કોઈ તમારો મોટો દુશમન દેખાય છે તે પણ કાંઇ બહારથી આવેલી કસુરને લીધે નથી, પણ તે તમારી પોતાનીજ ખાંમી છે, અને આત્માનાં અંધાપા યાને અજ્ઞાનપણાને લીધેજ એમ દીસે છે; જો કે તે જોખમ આત્મા જાણતો નથી, અને પોતે અજ્ઞાન છે તેથી પણ તે બેખબર રહે છે. જ્યારે તમે તુટી પડો, અને જાણો કે તમો તુટી પડોછો, ત્યારે જોખમ ઘણો થોડો રહે છે; પણ જ્યારે તમે ગફલત કરો અને તે ગફલતથી તમો સદનતરજ બેખબર રહો તો તેથી તમારા આત્માનાં શત્રુઓ ખુશી થશે. અને જો ગફલત થવાથી પછવાડેથી દુઃખ લાગે, તો તે દુઃખ આવકારદાયક જાણવું; કારણ કે જોખમ કયાં છે તે દુઃખ બતાવી આપે છે, અને જે તરફ આપણે ભુલથાપ ખાધી તે તરફ આપણી આંખો ખુલે છે. એવીજ રીતે દુઃખ તે કાંઈ પીડા જેવું ઠરતું નથી, પણ ચેતવણી આપનાર એક કાસદ તરીકે આવકારદાયક થઇ પડે છે, કે જેનો ઉપોગ આત્મા કરે છે. આ રીતે જોતાં દુઃખ જાણે સરજન-ડૉકટરનાં નસતર જેવું થઇ પડે છે, કે જેથી જોખમ ભરેલો ભાગ કાપી નાખવામાં આવે છે; આટલા માટે હવે દુઃખને દુશમન તરીકે ગણી હડસેલી મુકવાનું નથી, પણ પ્યારા દોસ્ત તરીકે પીછાણીને આવકાર દેવાનો છે.

દુઃખનો હજી એક બીજો ઉપોગ રહેલો છે, પણ હવે તે બાબદ એક મુકત થયલા આત્માની મરજી ઉપર આધાર રાખે છે, આત્મા કે જે પોતાને ખાતર નહી પણ દુનિયાંને મદદ કરવાને ખાતર મજબુત થવા ઇચ્છે છે, આત્મા કે જે હવે અનુભવી શકે છે કે તેણે બીજાંને માટે જીવવું છે, અને તે જાણે છે કે તે પોતે મજબુત હશે તોજ તે બીજાંને માટે જીવવાને શીખી શકશે; ત્યારે તે દુઃખને એટલા માટે પસંદ કરશે કે જેથી તે ખામોશી યા ધીરજ શીખશે. જેઓએ બીલકુલ કાંઇ ખમ્યુ નથી તેઓ હમેશાં નબલાં રહેશે, અને દુઃખ અને વેદનાંની રસાકસીમાંજ આત્મા સહનશીળતા શીખશે, તો જો કે યાદ રાખવું કે આ રસાકસી પોતેબી

હજીતો નબળાઇનીજ એક નીશાન છે. જો આપણે સહનતરજ મજબુત હોઇએ તો પછી આપણને લડવાની પણ જરૂર પડતી નથી; પણ આપણને તે જોરની જરૂર છે કે જેથી રસાકસીની વેદનામાં તરફડીઆં મારવાની જરૂર પડે નહીં, કારણ કે ત્યારે આસ્તે આસ્તે આત્મામાંજ એક જાતનું જોર આવતું જશે, અને તેથી પહેલાં જે ફીકર ચીંતા અને રસાકસી થતી હતી તેને બદલે આત્મામાં સંપૂર્ણ જોર અને શક્તિ સાથની * શાંતિ આવશે.

અને એક બીજી બાબદને માટે પણ આત્મા દુઃખ પસંદ કરશે, કે જેથી કરીને તે દિલસોજી શીખે. કારણ કે એક પુખ્ત આત્મા પણ દીલસોજી ધરતાં શીખ્યો ન હોય તો તે નકાંમો છે. એટલુંજ નહીં પણ જો એક આત્મા દયા શીખ્યા વગર માત્ર પુખ્તજ થયો હોય, અને કાંઇ સિદ્ધિ પ્રાપ્ત કીધી હોય, પણ તે સારે માર્ગે કેમ વાપરવી, તે શીખ્યો ન હોય, તો ઉલટો તે પુખ્ત આત્મા જોખમ ભર્યો થઇ પડે છે. કારણ કે જો એક શક્તિમાં કેવળ જોર હોય અને દયા જેવું કાંઇ ન હોય, તો જે કાંઇ કોમળ હોય તેને ઉગારવાને અને રક્ષણ કરવાને બદલે ઉલટો તે પોતાનાં પગ તળે કચડે. જોરને દયાની લાગણીનો સ્પર્શ ન થયો હોય, કે જે લાગણી નજરથી પણ બારીક છે, અને જે ખુદ આત્માનું અંતર્જ્ઞાન છે, તો તે ખાલી જોર મદદ કરવાને બદલે કદાચ બગાડ કરવાના કામમાં આવે; જ્યાં તે મદદ કરવાને ચાહતો હોય ત્યાં તેનાંથી નુકશાન પહોંચે; અને જ્યાં બંધાવા ચહાતો હોય ત્યાં ઉલટાં કચડી મારે. અને તેથી જેમ જેમ એક આત્મા જોરાવર થતો જશે તેમ તેમ તે આ દુઃખનો ધડો વધારે આતુરતાથી શીખતો જશે, અને તે પોતાનાં જાતી દુઃખથી બીજાનાં દુઃખોનું નીવારણ કરવાને શીખશે; કારણ કે નહી તો તેમ શીખવવાનું આપણને મલતું નથી. આપણા આત્માનું સંપૂર્ણ બંધારણ બહારથી નહી પણ અંદરથી બાંધતા આવવાનું છે, અને આપણા અધુરાપણાને લીધે જે કાંઇ દુઃખો વેઠીએ છીએ તે જાણે સંપૂર્ણ આત્માનું આખરનું દેવળ ચીનવામાં કામે લાગતા પથરો સમાન છે. આખરે તો દુઃખનો છેડો આવશે; પણ બંધારણમાં દુઃખ તો જોઇએજ; તેટલા માટે **ચેલાઓ દુઃખનો માર્ગ પસંદ કરે છે,**

---

* "અએ ઘણાજ વૃદ્ધિ કરનાર તથા બંદગીનો બદલો ભલી નેઆમતમાં આપનાર મીનો હોરમઝદ! મને તું પવિત્ર કર (યાને દુષ્ટ કાંમોથી દુર રાખ), મારી સભ્યતા (અથવા નમ્રતા)ને લીધે (તું) મને કૌવત આપ, મારી અશોઇને લીધે મને હીમતવાળું **જોર** બખસ, (તથા) (મારી) નેક મનશ્નીને લીધે મને સરદારી આપ."—(**અહુનવદ ગાથા**, હા ૩૩, ફ. ૧૨.)

કારણ કે દુઃખથીજ કેવળ દયા શીખી શકાય છે, અને જેમ બહારની સૃષ્ટિથી થતા દરેક સ્પર્શથી તેને લાગણી થાય છે તેમ તે કે જે સૃષ્ટિનું જીગરજ બનવાનો છે, તે દરેક તેવાં દુઃખનાં સ્પર્શથી નીવારણ કરનારા ઉભરાઓ મોકલવાને શક્તિવાન થાય છે, કે જે આશીર્વાદ ભર્યા ઉભરાઓ પ્રગટ થયલી સૃષ્ટિમાંથી પસાર થાય છે, અને મદદ અને જોરનો પ્રવાહ સઘળે ઠેકાણે પાથરે છે.

આ પ્રમાણે, ત્યારે, દુઃખનાં ઉપયોગો છે, જો કે એથી પણ ઘણા વધારે તમે શોધી શકો. જો કે ત્યાં ખુલ્લાં અને સાદા દાખલાઓ બતાવવામાં આવ્યા છે, તોપણ તેઓ અમલ કરવામાં મદદગાર થઇ પડશે. પણ કદાચ પુછશો કે શું એજ છેડો કે? શું આત્માની આખરની હાલત એજ છે? શું ઉપયોગ કરતાંએ દુઃખ વધારે હોવું જોઇએ? આત્માની કુદરતી હવાઓ ત્યારે શું દુઃખજ છે કે? જેઓ એમ માને છે કે ચીજોની આખરે દુઃખ છે અને દુઃખ અને દલગીરીની હવામાંજ, ખરેજ આત્મા જીવે છે, તેઓ ચુક કરે છે. આત્મા પોતે **આનંદ** છે, તે દલગીરી નથી, આત્મા પોતે **ખુશાલી** છે, તે દુઃખ નથી; આત્મા પોતે **શાંતિ** છે, તે રસાકસીનો સંતાપ નથી; સઘળી ચીજોનો અર્ક જો જુવો તો મહોબત, ખુશાલી, અને શાંતિ છે: અને તેથી દુઃખનો માર્ગ એ એક માર્ગ છે, અને નહી કે તે માર્ગની આખરીએ મેલવવાનું ધામ છે; દુઃખનો માર્ગ એક સાધન છે, કાંઇ તે આખરનું ફળ નથી. કારણ કે તે અનંત **આશીર્વાદનો દરીઆવ**, જેમાંથી * સૃષ્ટિ પ્રગટ થયલી છે, તેમાંથી બેહદ મહોબત, શાંતિ, અને ખુશાલી નીકળે છે; અને તે પ્રગટ થયલા આત્માનો વારસો છે. દુઃખ જે છે તે આત્માએ ઓઢેલાં શરીરો યાને કોષોમાં છે, અને નહીં કે ખુદ આત્માનાં ભિત્તરમાં.

જીંદગીની જંજાળમાં આ વાત ભુલી જવી ન જોઇયે. ખુશાલી તરફ તમારી આંખોને દુઃખથી આંધળી થવા ના દો; અને પસાર થઇ જતી ફીકર ચીંતાએ કાયમ સુખ કે જે ખુદ શ્રેષ્ટ **આત્**માનાં જીગરનો અર્ક છે તેથી બેફામ રહેવું ન જોઇએ. દુઃખ પસાર થઇ જનારૂં છે, આનંદ હમેશાંનો છે કારણ કે સઘળી ચીજોનો અર્ક **ખુદા** છે, જે સર્વેનો આત્મા છે, તેનો ભિત્તરનો અર્કજ **અમર ખુશાલી** છે. † તેટલા માટે જેમ જેમ આત્મા

---

* એ પુંજવાને લાયકના! તારાં નૂરોના મહાસાગરમાં ગરક થઇ તુંને જોવાને હું તારાથી ચાહું છું અને સદેચ્છા રાખું છું."—(**દસાતીર**.)

† "તે માણસ પોતે આએ શકિતથી (ઈયાને આતશની મારફતે હોરમજદને પોંહોંચ્યાથી) ઘણોજ ખુશાલ (છે). . . "—(**મ્હોટી હપ્તન યશ્ત**.)

આગળ વધતો જાય છે, અને વધારે છુટો થતો જાય છે, તેમ તેમ રફ્ફીક વગેરેનાં સંતાપને ઠેકાણે શાંતિ આવતી જાય છે, અને દુઃખની જગ્યા ખુશાલી લે છે. એક ઘણા આગળ વધેલા મહાત્માનાં સ્વરૂપ તરફ નેગાહ કરો, તે ચેહરા ઉપર ખચીત તમને દુઃખની નીશાનીઓ નજર આવશે, પણ તે દુઃખ પસાર થઈ જવાની છે, અને તે દુઃખ દયા, દાઝ અને બેહદ સુખ અને ખુશીમાં બદલાઇ ગયુ છે. કારણ કે સૃષ્ટીનો આખરનો શબ્દ તો **પરમ સુખ** છે; સર્વ મનુષ્ય જાતનું સર્વેથી આખરનું પરિણામ તો સુખમાંજ શાંતિ મેળવવાનું છે. અને દુઃખનાં આ સઘળા ખેપીયાઓની એજ મતલબ છે કે આત્મા તેમાંથી મુક્તિ મેળવે; આખરે તો આખરની **શાંતિ** છે, અને શાંતિનું પ્રગટ સ્વરૂપ તે **આનંદ** છે.

[ઉપલી બાબદ મીસીસ એની બેઝેંટના The Meaning and the Use of Pain નામના ચોપાનીયાંનો તરજુમો છે, અને તે બાઇ નશરવાનજી મનચેરજી દેશાઇએ કીધો છે. અવસ્તામાંથી ફુટનોટ્સ તેઓએ આપી છે, અને તે એરવદ કા. એ. કાંગાના તરજુમા ઉપરથી લીધી છે]

જરથોસ્તીઓ માટે ચોપડીઓ.

ચેરાગ બુક ડીપો.

મનોરદાસ સ્ટ્રીટ, કોટ, મુંબઈ

ગુજરાતી	રૂ.	આ
ચેરાગ, પુસ્તક ત્રીજુ અને ચોથું સુનેરી ગીલ્ટ સાથના પુઠાંમાં, દરેકના	૨	૧૨
જરથોસ્તી રાહબર (સસ્તી આવૃતી)	૧	૦
પેગમ્બર સાહેબ અશો જરથોસ્તના જન્મારાનો એહેવાલ	૦	૧૨
વિચાર શક્તિ—તેનો કાબુ અને કેળવણી	૦	૧૨
ખીસ્તાબ—જરેહસ્ત પફ્શાર—જેન્દેહરોદ	૧	૮
તમામ ખોરદેહ અવસ્તા (દીનબાઈ એનજીનીયર કૃત) ...	૩	૪
ખુદાની મુલાકાત	૧	૮
કરણીનો કાયદો „ „	૨	૦
મરણ પછી માણસની હાલત	૧	૮
„ „ સસ્તી આવૃતી ...	૧	૦
આતશની આરાધના	૦	૨
પેગમ્બર સાહેબ અશો જરથોસ્તનુ પંદનામુ ...	૦	૨
બંદગી, ગાયન અને માથ્ર	૦	૨
જરથોસ્તીઓ માટે બંદગી કરવા લાયક કલામ તે પાક અવસ્તાજ છે	૦	૨
પારસીઓમાં નીતિનું ધોરણ	૦	૨
અવસ્તામાંથી મલતું જાનવરોનું વર્ણન	૦	૨
હુમત, હુખ્ત, હવર્શ્ત	૦	૨
આકાશ તત્વ	૦	૨
અંતર્દૃષ્ટિની પીડા (એક વારતા)	૦	૧

☞ જરથોસ્તી દીનઆઇનને લગતી કેતાબો તેમજ બીજી બાબતને લગતી સારી ચોપડીઓ કમીસને વેચી આપવામા આવશે.